ગાંધીનગર સમાચાર

ગરમીમાં ઠંડક આપતા ફાલસાની જબરદસ્ત માંગ

# ગરમીનો પારો કેટલે પહોંચ્યો તે હવામાન ખાતુ કેવી રીતે જણાવે છે..?

## સે-૮માં જળસંપત્તિ અને કલ્પસર વિભાગની સીસ્ટમ દ્વારા ઠંડી, ગરમી, વરસાદ, પવન, ભેજના તમામ આંકડા મપાય છે : દિવસમાં નિયમિત ચાર સમયે અને આકસ્મિક સમયે જરૂરિયાત મુજબ આંકડા મેળવવામાં આવે છે


ગાંધીનગર, તા.૨૧

આજે ગરમી કેટલા ડિગ્રી છે? તાપમાનનો પારો ક્યાં પહોંચ્યો? કેટલા ઈંચ વરસાદ થયો? ઠંડીનો આંકડો કેટલો આવ્યો? આ પ્રકારના સવાલ દરેક મૌસમ મુજબ લગભગ દરરોજ પુછાતા રહે છે. પરંતુ કોઈએ એ જાણવાની તસ્દી લીધી કે હવામાનના તમામ આંકડા આવે છે ક્યાંથી અને કેવી રીતે? ગાંધીનગરના સેકટર-૮માં જળસંપત્તિ અને કલ્પસર વિભાગ દ્વારા મૌસમના દરેક ફેરફાર માપવાની સીસ્ટમ ઉભી કરાઈ છે. જેના દ્વારા ઠંડી, ગરમી, વરસાદ, પવન, ભેજ, બાષ્પીભવન વગેરેની માપણી કરી શકાય છે. આ યંત્રો પરથી દિવસમાં ચારવાર નિયમિત અને આકસ્મિક સંજોગોમાં જરૂર મુજબ હવામાનના આંકડા લેવામાં આવે છે.

હવાનું દબાણ હોય કે સૂરજદાદા કેટલો સમય તપ્યાં તે જાણવું હોય, પવનની ઝડપ કેટલી છે અને પવન કઈ દિશામાંથી કઈ દિશામાં વહી રહ્યો છે તે જાણવું હોય, સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ કેટલું હતું અને સાંજે કેટલું હતું. આવી તમામ ઝીણવટભરી વિગતો આ સીસ્ટમ થકી મળી રહે છે. અક્ષાંશ ૭૨°-૩૮°-૫૯'' અને રેખાંશ ૨૩°-૪૨°-૦૮'' પર બનાવાયેલ આ સીસ્ટમમાં કુલ ૧૩ પ્રકારના હવામાનના ફેરફારો નોંધી શકાય છે.








સીસ્ટમમાં દરરોજ સવારે ૮.૩૦ વાગે, પછી ૧૧.૩૦ વાગે, બપોરે ૨.૩૦ વાગે અને સાંજે ૫.૩૦ કલાકે તમામ આંકડા લેવામાં આવે છે. આ જેમ કે સૂર્ય તાપના કલાકો, લઘુત્તમ તાપમાન, મહત્તમ તાપમાન, સુકારો, ભેજ, કુલ વરસાદ, ઈચ્છિત સમયે વરસાદનો આંક, સરેરાશ વરસાદ, પવનની દિશા, પવનની ગતિ સહિતના આંકડા માપી શકાય છે. વળી, અહીં નવી લેટસ્ટ ટેકનોલોજીનું ડિજીટલ યંત્ર પણ લગાડાયું છે જે અત્યારે પ્રયોગાત્મક ધોરણે કાર્યરત છે.

પરંપરાગત ધોરણે કાર્યરત આ ઉપરાંત વરસાદ અને પવનની ઝડપ માટે સેલ્ફ રેકર્ડર સીસ્ટમ પણ ઉપયોગમાં લેવાય છે. જેમાં દર ૧૫ મિનિટે કેટલો વરસાદ પડયો તેની નોંધ ગ્રાફ દ્વારા સતત થતી રહે છે. તાપમાન માપવા માટે થર્મોમીટર વપરાય છે જેને દરરોજ સવારે ૮ વાગે હાથેથી ઝાટકીને મૂળ સ્થિતિમાં લાવવામાં આવે છે. વધુમાં વધુ તાપમાન કેટલું રહ્યું તે જાણવા માટેના થર્મોમીટરમાં પારો એક વાર મહત્તમ આંક પર પહોંચે પછી તાપમાન ઘટી જાય તો પણ તે ત્યાં જ રહે છે. અદ્દલ તાવ માપવા માટે તબીબો વાપરે છે તેવા થર્મોમીટરની જેમ જ. ભીનું તથા સુકુ તાપમાન માપવા માટે ગ્રાફ સીસ્ટમ ઉપયોગમાં લેવાય છે. જેમાં ઘડીયાળ જેવું ચાવી વાળુ યંત્ર હોય છે આ યંત્રને અઠવાડિયે એકવાર ચાવી ભરવી પડે છે પછી તેની સાથે ગ્રાફ પેપર જોડી તેના પર શાહીવાળી પીન લગાડી દેવાય છે. આ પીનમાં દરરોજ સવારે એકવાર શાહીનું ટીપું પુરવાનું હોય છે. પાણીનું તાપમાન માપવા માટેની સીસ્ટમના મધ્યમાં એક નીડલ હોય છે જે ડૂબે તેટલું પાણી તેમાં ભરી દીધા પછી ચોકકસ સમયે કેટલું પાણી ઓછું થયું તે જાણવા ફરી કેટલું પાણી ઉમેરવું પડયું તેના આધારે માપણી કરાય છે. આશ્ચર્યની વાત એ છે કે માત્ર સૂર્ય પ્રકાશથી જ નહી પરંતુ રાત્રિના સમયે પવનથી પણ પાણીનું બાષ્પીભવન થતું જ હોય છે. પવનની ઝડપ માપવા ચાર પાંખો પર વાટકીઓ લગાડી હોય તેવી ફરકડી સાથેનું તંત્ર હોય છે. જે ૩ સેકન્ડમાં કેટલા આંટા ફરે છે તેના આધારે પવનની ગતિ માપી શકાય છે. વળી તેમાં એક મીટર પણ લગાડેલ હોય છે જેનો વખતો વખત આંકડો લઈ પવનની સરેરશ ગતિ માપી શકાય છે. વરસાદ માપવા માટેની ગ્રાફ સીસ્ટમમાં જયારે પણ વરસાદ પડે ત્યારે ગ્રાફ ઉપર જાય છે અને બંધ થાય ત્યારે નીડલ સ્થિર થાય છે. આ ગ્રાફની ૧૦ એમએમની પટ્ટી હોય છે તેથી જયારે ૧૦ એમએમ સુધી પહોંચી જાય એટલે આપો આપ ડ્રમ ખાલી થઈ જાય છે અને નીડલ છેક નીચે આવી જાય છે અને તુરંત ફરી કાર્યરત થઈ જાય છે. આમ ઉપર નીચે દોરાયેલા ગ્રાફ પરથી ચોકકસ ગાળામાં પડેલ કુલ વરસાદનો આંક ખબર પડી શકે છે.

ગાંધીનગરમાં આ સીસ્ટમમાં હવામાનના આ આંકડા નોંધવાની નિયમિત કામગીરી જળસંપત્તિ અને કલ્પસર વિભાગના બે કલાર્ક કિશોરભાઈ સોની તથા ડી.એમ. સોમેશ્વરા બે શીફટ મુજબ સંભાળે છે. દરરોજ સાંજે ૫.૩૦ કલાકે દિવસ દરમિયાન નોંધાયેલા આંકડા અમદાવાદ ખાતેના ઈન્ડિયન મેટરોલોજી વિભાગને અને ત્યાંથી ૫.૪૫ કલાકે પૂણે ખાતે નોંધઈ જાય છે. આ કર્મચારીઓ દ્વારા આ સીસ્ટમની નાનામાં નાની બાબતની કાળજી લેવામાં આવે છે અને તેમના દ્વારા નોંધાયેલ આંકડા થકી આપણે ગરમી કે વરસાદની પરિસ્થિતિ જાણી શકીએ છીએ.

## @ગાંધીનગર

● શાકભાજી ઓનલઈન વેબસાઈટનો ઉદઘાટન કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે ડૉ.આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજાશે.

● રાજ્ય સરકારના પંચાયત-ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજયમાં સ્માર્ટ વિલેજ યોજનાનો શુભારંભ તથા ૧૦૦ ટકા શૌચાલય મુકત ગ્રામ પંચાયતોના સરપંચોનો સન્માન સમારોહ સવારે ૧૦.૦૦ કલાકે મેઈન કન્વેન્શન હોલ, મહાત્મા મંદિર, સે-૧૪ ખાતે યોજાશે.

● ત્રિદલ સંસ્થા દ્વારા સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે સંસ્થાની માસિક બેઠક તથા શૈક્ષણિક વાર્તાલાપ યોજાશે.

● વૃંદાવન સ્વીટસનો શુભારંભ સવારે ૮.૩૦ કલાકે શોપ નં. ૨-૩, મેઈન શોપીંગ સેન્ટર, સે-૨૨ ખાતે યોજાશે.

## જીવ કલ્યાણ સંસ્થાની માસિક સામાન્ય સભા આજે મળશે

ગાંધીનગર, તા.૨૧

સર્વજીવ કલ્યાણ હેતુસર કાર્યવત જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સામાન્ય સભા તા. ૨૨-૫-૨૦૧૬ને રવિવારે સેકટર-૨૨ સ્થિત પંચદેવ મંદિરના યજ્ઞ ખંડમાં પ્રમુખશ્રી કે.બી. વ્યાસના અધ્યક્ષસ્થાને વાર્ષિક હિસાબો, સભ્યોનું ગૃપ આયોજન, સંસ્થાની પ્રવૃત્તિ તથા નવી ટર્મ માટે કાર્યવાહક સમિતિના સભ્યની વરણી સંબંધમાં જરૂરી ચર્ચા વિચારણા કરવા મળશે. તો સંસ્થાના સભ્યો તથા રસ ધરાવતા આમંત્રિતો સહિત નગરજનોને હાજર રહેવા મંત્રી અમૃતભાઈ કનાડાએ વિનંતી કરી છે.

## આજે ભારત વિકાસ પરિષદની વાર્ષિક સાધારણ સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ભારત વિકાસ પરિષદ દ્વારા તા. ૨૨મી મેને રવિવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે હોટલ ઘુંઘટ ખાતે વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભા દરમિયાન સંસ્થાની નવી કારોબારીની રચના કરવામાં આવશે. ગાંધીનગરમાં છેલ્લા ૨૧ વર્ષથી કાર્યરત એવી સામાજીક સંસ્થા ભારત વિકાસ પરિષદ સંપર્ક, સહયોગ,સંસ્કાર, સેવા અને સમર્પણ જેવા પાંચ મુળભૂત હેતુઓને ધ્યાનમાં રાખીને કાર્ય કરે છે. આ સંસ્થાની અખિલ ભારતીય કક્ષાએ ૧૨૦૦ શાળાઓ અને ગુજરાત ખાતે ૫૦ શાખાઓ કાર્યરત છે. આ ગાંધીનગર સંસ્થાની બેઠક ૨૨મી મેના રોજ યોજાશે. જેમાં સંસ્થાના સભ્યને હાજર રહેવા પ્રમુખ ચંદ્રકાન્ત રાવલે અનુરોધ કર્યો છે.

# કૃષિભવન ખાતે ઓર્ગેનિક કેસર કરી હવે, શહેરમાં લોકપ્રિય બની છે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના કૃષિ ભવન ખાતે સૌરાષ્ટ્રના ૧૮થી વધુ ખેડૂતો દ્વારા ઉભા કરાયેલ વિવિધ સ્ટોલમાં ઓર્ગેનિક ગીર કેસર કેરીની ખરીદીની સુવિધા ગાંધીનગરના નગરજનોને પ્રાપ્ત થઈ છે. ખેડૂતો દ્વારા સીધું જ નાગિરકોને કેરીના વેચાણથી વ્યાજબી ભાવે અસલ કેરીની પ્રેસ્ટીસાઈડ અને ફર્ટીલાઈઝર વગરની ૧૦૦ ટકા આરોગ્યપ્રદ અસલ કેસર કેરી મળી રહી છે.

ગીર-તલાલાના આંકોલવાડી ગામના ખેડૂત શ્રી પ્રવિણ સાવલિયાએ જણાવ્યું હતું કે રાજય સરકારના કૃષિ વિભાગ દ્વારા અમને કૃષિ ભવન ખાતે કેરી વેચાણ માટે સુવિધા મળવાથી હું વર્ષ ૨૦૧૧થી કૃષિ ભવન ખાતે કેરી વેચાણ માટે આવુ છું. રોજની ૧૫ થી ૨૦ હજાર રૂપિયાની કેરીનું વેચાણ કરું છું. મારે ૩૦ વીઘા જમીનમાં ૪૧૦ જેટલા કેસર કેરીના આંબાઓની વાડી છે. ૫૦૦ મણ જેટલું કેરીનું ઉત્પાદન મેળવી વાર્ષિક રૂ. ૩ લાખ જેટલી આવક કેરીના વેચાણથી મેળવુ છું. કૃષિ ભવન ખાતે આગામી તા. ૧૫ જૂન સુધી ઓર્ગેનિક કેરીનુ વેચાણ ચાલુ રહેશે.



કડી સર્વ વિશ્વ વિદ્યાલય-ગાંધીનગર દ્વારા તા. ૨૧મી અને ૨૨મી મે ૨૦૧૬ ના રોજ બે દિવસીય 'કારકિર્દી માર્ગદર્શન' અંગેનું આયોજન કરાયું છે. જેના પ્રથમ દિવસે આશરે ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓએ ધો-૧૨ (સાયન્સ, કોમર્સ અને આટર્સ) પછી કારકિર્દી અંગેના વિવિધ અભ્યાસક્રમો, ભવિષ્યમાં ઉચ્ચ અભ્યાસ, રોજગારીની તકો તેમજ વિકાસની તકો અંગે સંસ્થાના પ્રાધ્યાપકો દ્વારા સંતોષકારક માર્ગદર્શન મેળવ્યું હતું. વિદ્યાર્થીઓ અને વાલીઓ આ માર્ગદર્શનનો લાભ તા. ૨૨મી મેના રોજ સવારે ૧૦થી સાંજના ૬ કલાક દરમિયાન ગેટ નં. ૧, ફાર્મસી કોલેજ કેમ્પસ, ઘ-૬ સર્કલ, સર્વ વિદ્યાલય કેમ્પસ, સે-૨૩, ગાંધીનગર ખાતે લઈ શકશે.

# બાઈકની પેટ્રોલ ટાંકી તુટેલી દેખાઈને બે બાઈક સાથે બે શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર એલસીબીની ટીમ પેથાપુર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સોનીપુર ચોકડી પાસેથી બે શકમંદોને બાઈકો સાથે પકડયા હતા અને એક બાઈકની પેટ્રોલ ટાંકીનું લોક તુટેલું દેખાતા ચોરીનું વાહન હોવાની શંકા ગઈ હતી. એલસીબીએ ઝીણવટભરી પુછપરછ કરતા બંને શખ્સો બાઈક ચોર હોવાનું ખુલ્યું હતું. તેમની પાસેથી ચોરીના બે બાઈક પણ રીકવર કરવામાં આવ્યા છે.



ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમ વાહનચોરો પકડવા સક્રિય થઈ છે. પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમ પેથાપુર પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમિયાન બે શંકાસ્પદ વ્યકિતઓ સોનીપુર ચોકડી પાસે ઉભા હોવાની બાતમી મળતા ત્યાં પહોંચી ગયા હતા. ત્યાં બે અલગ અલગ બાઈક સાથે ઉભેલા બે શખ્સો નજીક જઈ પુછપરછ શરૂ કરી હતી જે પૈકી એક બાઈકને નંબર ન હતો અને તેની પેટ્રોલ ટાંકીનું લોક પણ તુટેલું હોવાનું પીએસઆઈ ના ધ્યાને આવતા બંને પર શંકા ગઈ હતી. વાહનના કાગળો અંગે પુછતાછ કરતા મળી આવ્યા ન હતા. સઘન ઈન્ટ્રોગેશન કરાતા બંનેએ મહેસાણા જિલ્લાના કડી તાલુકા વિસ્તારમાં આવેલ વીડજ ગામમાંથી બંને બાઈક ચોરી કર્યા હોવાની કબુલાત કરી લીધી છે. એલસીબીની ટીમે વીડજ ગામના અર્જુન જીતેન્દ્રસિંહ વાઘેલા અને પ્રકાશ ફુલાજી વાઘેલા બંને શખ્સોની ધરપકડ કરી ચોરીના બંને બાઈક જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# પેથાપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૨મા પાટોત્સવની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૧

પેથાપુર સ્વામિનારાયણ મંદિર ખાતે સોમવારના રોજ ૧૨મા પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. પેથાપુર સ્વામિનારાયણ મંદિરના ૧૨મા પાટોત્સવની ઉજવણી અન્વયે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પાટોત્સવના યજમાન દ્વારા ૨૨ મે ના રોજ સવારે ૮.૦૦ કલાકે ભગવાનનું મહાપુજન કરવામાં આવશે. જ્યારે તા. ૨૦ થી ૨૨ દરમિયાન દરરોજ રાત્રે પારાયણ તેમજ વ્યાખ્યાન માળા યોજાઈ રહી છે. જેમાં શાસ્ત્રી સ્વામી ધર્મપ્રવર્તકદાસ, પ્રિયદર્શનસ્વામી હરિકૃષ્ણદાસ સ્વામી, ધર્મ સુતપ્રિયસ્વામી, પરોપકારદાસ સ્વામી, ભક્તિપોષકદાસ વ્યાખ્યાન આપી રહ્યા છે. તા. ૨૩મે ના રોજ સવારે ૬.૦૦ કલાકે ઠાકોરજીનું પૂજન તેમજ મંગળા આરતી યોજાશે. સવારે ૬.૪૫ કલાકે લાલજી મહારાજ ૧૦૮ વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન થશે. સવારે ૭ થી ૭.૩૦ કલાક દરમિયાન ઠાકોરજીને અભિષેક કરવામાં આવશે. ૮.૩૦ કલાકે સંતોના પ્રવચન યોજાશે. જ્યારે ૧૦.૩૦ કલાકે અન્નકુટ આરતી અને ૧૧.૦૦ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરાયું છે.

## સી.બી.એસ.ઈ. બોર્ડમાં દિલ્હી પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ ઝળકયા

ગાંધીનગર, તા.૨૧

દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ સીબીએસઈ ધો-૧૨ બોર્ડનું સાયન્સ અને કોમર્સ વિદ્યા શાખાનું ૧૦૦ ટકા પરિણામ મેળવીને શાળાનું તેમજ નગરનું ગૌરવ વધાર્યુ છે. શાળાના ૩૨ ટકાથી વધુ વિદ્યાર્થીઓએ ૯૦ ટકા ગુણ મેળવ્યા છે. આ ઉપરાંત શાળાના કેટલાક વિદ્યાર્થીઓએ અમુક ખાસ વિષયમાં ૧૦૦ ટકા ગુણ મેળવ્યા છે.

સાયન્સ વિષયમાં શાશ્વત અગ્રવાલે ૯૫.૨ ટકા, સારાંશ ત્રિપાઠી ૯૪ ટકા, સુપ્રીત ભટ્ટાચાર્યજીએ ૯૪.૬ ટકા તથા શ્રંખલા યાદવે ૯૪.૪ ટકા પ્રાપ્ત કર્યા છે. જયારે કોમર્સ વિષયમાં નિરવ સંઘવીએ ૯૪.૬ ટકા, ગ્રીષ્મા ગેવરીયા ૯૪.૨ ટકા, હર્ષિત તોશનીવાલે ૯૪.૨ ટકા અને હેમંત ઉપાધ્યાયે પણ ૯૪.૨ ટકા પ્રાપ્ત કર્યા છે. આ ઉપરાંત શાળાના ઈશાન પટેલે કમ્પ્યુટર સાયન્સ વિષયમાં, વિવિધ ગર્ગે મેથ્સમાં, માનસી ચોપરાએ ફીઝીકલ એજયુકેશનમાં તેમજ શાશ્વત અગ્રવાલે મેથ્સ અને કમ્પ્યુટર સાયન્સ વિષયમાં ૧૦૦ ગુણ મેળવી શાળાનું અને તેમના પરિવારનું નામ ઉજાળ્યું છે જે બદલ સમગ્ર શાળા પરિવારે આ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

## રાજભવનમાં આતંકવાદ વિરોધ દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

પ્રતિ વર્ષ મે માસની ૨૧મીના રોજ મનાવવામાં આવતા આતંકવાદ વિરોધ દિન નિમિત્તે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ સૌ અધિકારીઓ અને કર્મચારીઓને આતંકવાદ અને હિંસાનો દઢતાથી વિરોધ કરવા અને વિઘટનકારી શકિતઓનો સામનો કરવા તથા સમાજના તમામ વર્ગો વચ્ચે શાંતિ-સદભાવ અને સૂઝ-બૂઝને કાયમ રાખવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

## જન્મદિને વધામણી



સુમનચંદ્ર સોમનાથ નાયક
મો. ૯૫૩૭૮ ૫૭૧૭૧



અરવિંદભાઈ દરજી
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા



પરેશભાઈ મોદી
ખજાનચી, ગાંધીનગર વૈષ્ણવ સમાજ



રમણભાઈ વિઠ્ઠલદાસ પટેલ
મો. ૯૪૨૯૫ ૨૪૮૫૩



ડો. વૈદેહીબેન તદુ
મો. ૯૯૦૪૧ ૫૯૪૨૩



સંજયકુમાર એચ સોની
મો. ૯૮૨૪૦ ૯૭૪૭૩



ભાવનાબા પી જાડેજા
ખજાનચી, શ્રી ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ



તેજસ પ્રવીણકુમાર પરમાર
મો. ૯૭૨૩૦ ૧૦૭૪૦



પ્રિન્સ વિશાલકુમાર સુખડીયા
મો. ૯૭૨૩૦ ૧૦૭૪૦

# ગરમીમાં ઠંડક આપતા ફાલસાની જબરદસ્ત માંગ

## શરબત અને દવાઓ બનાવવામાં ઉપયોગ થાય છે : લવારપુર, ચિલોડા અને દહેગામમાં આ ફળની ખેતી



ગાંધીનગર, તા.૨૧

ધગધગતી ગરમીમાં ઠંડક મેળવવાના તમામ લોકો પ્રયાસ કરે છે. જેમાં સૌથી વધુ ફાલસાનું શરબત પીવાય છે અને ફળ તરીકે ખવાય પણ છે. ગરમીમાં ઠંડક આપતા આ ફળની હાલમાં જબરદસ્ત માંગ ઉભી થઈ છે. જો કે આ ફળની ખેતી ખુબ જ ઓછી થતી હોઈ તેની ઉપલબ્ધતા જુજ બની જાય છે. ગાંધીનગર જિલ્લામાં લવારપુર, ચિલોડા અને દહેગામમાં કેટલાક ખેડુતો આ બાગાયતી ખેતી કરે છે.

ગરમીની સિઝનમાં ઠંડા પીણા એ સૌથી વધારે માત્રામાં ઉપયોગમાં લેવાય છે. જેમાં વળી ફાલસા ફલેવર એ તમામની લોકપ્રિય છે. સ્વાદમાં ખટ્ટમીઠ્ઠા આ ફાલસાનું શરબત ગરમીમાં શરીરને ઠંડક પહોંચાડે છે. વધુમાં આ ફાલસા કેટલીક દવાઓ બનાવામાં પણ વપરાતા હોઈ ગરમીમાં તેની માંગ ખુબ જ ઉંચી રહે છે. ગાંધીનગર પંથકના ચિલોડા, લવારપુર તેમજ દહેગામમાં બાગાયતી ખેતીમાં રસ ધરાવતા ખેડુતો આ ખેતી કરી શ્રેષ્ઠ ઉત્પાદન થકી સારું વળતર પ્રાપ્ત કરી રહ્યા છે.

ફાલસાની ખેતીની વિશિષ્ટતા એ છે કે એક વખત છોડને વાવ્યા પછી ૩૦ થી ૪૦ વર્ષ સુધી ફળ આપે છે જેથી ફરી ખર્ચ કરવો પડતો નથી. તેમજ ડિસેમ્બરમાં ઉછરેલા છોડની સુવ્યવસ્થિત કાપણી કરવી પડે છે અને તે કારણે ફેબ્રુઆરીમાં ફુલ બેસવાના શરૂ થઈ જાય છે ત્યારબાદ એપ્રિલ અને મેમાં ફાલસાનું સ્વાદિષ્ટ ફળ બેસી જાય છે. એક વિઘામાં લગભગ ૫૦ થી ૬૦ મણની ઉપજ થતી હોય છે. જેમાં દરરોજ ૧૦થી ૧૫ ખેત મજૂરો છોડ ઉપરથી ફાલસા વિણવાની મજુરી કરે છે અને દૈનિક એક મજુર ૩થી ૪ કિલો ફાલસા વીણી શકે છે જેમાં એક કિલોએ રૂ. ૧૫ જેવી વિણામણ મજુરી થતી હોય છે જે મોંઘી હોય છે. જો કે આ ખેતીમાં ખર્ચ ઓછુ અને ઉપજ વધારે હોય છે જેમાં એક મણના રૂપિયા બે થી અઢી હજાર મળતા હોય છે. મે મહિનામાં આ ફળની માંગમાં જબરદસ્ત ઉછાળો આવે છે. રાજયના હાઈવે અને મુખ્ય શહેરોના માર્ગો ઉપર ટોપલામાં લાલ ચટ્ટાક આ ફાલસાનું ધુમ વેચાણ થતું નજરે પડતું હોય છે. જો કે સૌથી વધુ માંગ રસોઈ કરનારા દ્વારા રહેતી હોય છે જેમાં પ્રસંગે ફાલસાનું શરબત પીરસાતું હોય છે. આમ ફાલસા લોકપ્રિય અને ગરમીમાં શ્રેષ્ઠ ફળ તરીકે ઉપયોગી બન્યું છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ચિરવિદાય

- સ્વ. પરમાર સુશીલાબેન બળદેવભાઈ, ઉ.વ.૬૮
- સ્વ. વાઘેલા કિશનભાઈ મોહનભાઈ, ઉ.વ.૫૦
- સ્વ. પ્રજાપતિ પન્નાબેન અમીતકુમાર, ઉ.વ.૪૨
- સ્વ. દવે માલતીબેન દિનેશભાઈ, ઉ.વ.૬૫
- સ્વ. પંચાલ ગોવિંદભાઈ ઉજમદાસ, ઉ.વ.૭૬
- સ્વ. વાઘેલા અર્જુનસિંહ દેવાજી, ઉ.વ.૭૭
- સ્વ. ઠાકર પ્રવિણચંદ્ર કેશવલાલ, ઉ.વ.૭૮